નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**<u>તા.૧૦/૦૨/૨૦૨૦</u>**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાની બેઠક આજ તા.૧૦/૦૨/૨૦૨૦ ને સોમવારનાં રોજ સાંજનાં ૦૪=૦૦ કલાકે પેટલાદ નગરપાલિકા કાર્યાલયનાં સભાખંડમાં મળી, જેમાં મુકરર તારીખ અને નિયત કરેલ સમયે નીચે જણાવેલ સભ્યશ્રીઓ હાજર રહ્યાં હતાં.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ | પ્રમુખશ્રી |
| (૨) | શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા | ઉપપ્રમુખશ્રી |
| (૩) | શ્રીમતિ નયનાબેન આર. પટેલ | સભ્યશ્રી |
| (૪) | શ્રીમતિ ગૌરીબેન કે. તળપદા | ” |
| (૫) | શ્રી ગોવિંદભાઇ આર. તળપદા | ” |
| (૬) | શ્રી ઇમદાદઅલી જે. સૈયદ | ” |
| (૭) | શ્રીમતિ જયાબેન એ. વાઘેલા | ” |
| (૮) | શ્રીમતિ રેણુકાબેન આર. વાઘેલા | ” |
| (૯) | શ્રી રસિકભાઇ જે. મકવાણા | ” |
| (૧૦) | શ્રી સૌરભભાઇ એન. પટેલ | ” |
| (૧૧) | શ્રીમતિ ગીતાબેન એ. પટેલ | ” |
| (૧૨) | શ્રીમતિ હેતલબેન. એ. પટેલ | ” |
| (૧૩) | શ્રી પુનિતકુમાર એમ. ડાભી | ” |
| (૧૪) | શ્રી ભાવિનકુમાર એમ. પટેલ | ” |
| (૧૫) | શ્રીમતિ રેહાનાબાનુ એ. ખલીફા | ” |
| (૧૬) | શ્રી ફઇમાબાનુ ડી. મલેક | ” |
| (૧૭) | શ્રી રીફાકતખાન એમ. પઠાણ | ” |
| (૧૮) | શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ | ” |
| (૧૯) | શ્રી ગોપાલભાઇ એમ. ગાંધી | ” |
| (૨૦) | શ્રી નિરંજનભાઇ પી. પટેલ | ” |
| (૨૧) | શ્રીમતિ કલ્પનાબેન આર. પટેલ | ” |
| (૨૨) | શ્રીમતિ જૈમિનીબેન આર. પટેલ | ” |
| (૨૩) | શ્રી જયેશકુમાર કે. પટેલ | ” |
| (૨૪) | શ્રીમતિ નફીસાબાનુ જે. શેખ | ” |
| (૨૫) | શ્રીમતિ રફીકનબીબી એસ. મલેક | ” |
| (૨૬) | શ્રી ફરીદખાન ડી. પઠાણ | ” |
| (૨૭) | શ્રીમતિ સાયનાબીબી એમ. સૈયદ | ” |
| (૨૮) | શ્રી અબરારબેગ ડી. મિરઝાં | ” |
| (૨૯) | શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી | ” |
| (૩૦) | શ્રીમતિ મિનાક્ષીબેન એમ. મકવાણા | |
| (૩૧) | શ્રીમતિ જુબેદાબાનુ આર. પઠાણ | ” |
| (૩૨) | શ્રી વિજયભાઇ સી. તળપદા | ” |

આમ, ઉપર જણાવ્યા મુજબનાં સભ્યશ્રીઓની હાજરીથી આજની બેઠકનું જરૂરી કોરમ થતું હોવાથી બેઠકનું કામકાજ શરૂ કરવામાં આવ્યું.રા.પ્રમુખશ્રીએ સભાનું અધ્યક્ષ સ્થાન લેતાં બેઠકની કાર્યવાહી શરૂ કરવા રા.અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

સૌપ્રથમ આજની બેઠકની કાર્યસૂચિ (એજન્ડા) ઉપરનાં કામ નં.૧૪ કે જે રેન્જ ફોરેસ્ટ ઓફિસને જમીન ફાળવવા બાબતનું છે. જેમાં વિષયવસ્તુ શરતચૂકથી લખાયેલ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨ નાં ફાઇનલ પ્લોટ નં.૨૨/૧/૧ વાળી જગ્યા રેન્જ ફોરેસ્ટ ઓફિસ માટે ફાળવવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત લખાયેલ છે તેનાં બદલે પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨ નાં ફાઇનલ પ્લોટ નં.૨૨/૧/૧ વાળી જગ્યા રેન્જ ફોરેસ્ટ ઓફિસ માટે ફાળવવા અંગે આવેલ રીપોર્ટ તથા રેન્જ ફોરેસ્ટ ઓફિસનો આવેલ પત્ર વંચાણમાં લઇ

યોગ્ય તે થવા રજૂ. તેમ વિષયવસ્તુ સુધારો કરવા બાબતની જાહેરાત કરવામાં આવી. જેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખવામાં આવ્યો.

ત્યારબાદ આજની બેઠકની કાર્યવાહી શરૂ કરવામાં આવતાં રા.અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ નીચે જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામોની યાદી વંચાણમાં લીધી.

* જરૂરી વિષયનાં કામ :-

(૧) પેટલાદ નગરપાલિકામાં રોજમદારની અને હાલમાં ફીકસ પગારની ફરજ બજાવતાં કર્મચારી શ્રી પરેશભાઇ કાંતિભાઇ પટેલ એ નામદાર હાઇકોર્ટમાં દાખલ કરેલ સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન પરત્વે આવેલ હુકમ અને મે.કમિશ્નરશ્રી, ગાંધીનગર કચેરીનાં આવેલ ઇ-મેલ પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

(૨) મ્યુનિ. સભ્ય શ્રીમતિ રીટાબેન યુ. શાહ, શ્રી અસ્લમબેગ એ. મિરઝા, તથા શ્રી આરીફખાન જે. સૈયદ(પઠાણ) નાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

ઉપર જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામોની યાદી વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખવામાં આવ્યાં. ત્યારબાદ આજની સભાનાં એજન્ડા ઉપરનાં કામો તેની કાર્યસૂચિનાં ક્રમાનુસાર હાથ ધરવા રા.અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

**કામ નં. (૧) :** પેટલાદ નગરપાલિકાની ગત મળેલ સામાન્ય સભાનાં પ્રોસીડીગને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૨૫ / તા.૧૦/૨/૨૦૨૦**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભા ગત તા.૦૮/૦૮/૨૦૧૯ નાં રોજ મળેલ હતી જે ગત મળેલ સામાન્ય સભાનાં પ્રોસીડીગને વંચાણમાં લીધા તુલ્ય સમજી તેને સર્વાનુમતે બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**સામાન્ય સભાનાં ઠરાવની નકલ**

**કામ નં. (૨)** : પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૧૯ થી માહે સપ્ટેમ્બર -૧૯ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૬ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન. એમ. પઠાણ, શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૧૯ થી માહે સપ્ટેમ્બર-૧૯ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૧૯ થી માહે સપ્ટેમ્બર-૧૯ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

ઉપરોકત દરખાસ્ત પરત્વે મતદાન લેતાં દરખાસ્તની તરફેણમાં ૨૨(બાવીસ) મત અને દરખાસ્તની વિરુધ્ધમાં ૧૦(દસ) મત પડેલ છે.

આથી આવેલ દરખાસ્ત વધુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**સામાન્ય સભાનાં ઠરાવની નકલ**

**કામ નં. (૩)** : પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર-૧૯ થી માહે ડિસેમ્બર -૧૯ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૭ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી, શ્રી ગોપાલભાઇ એમ. ગાંધીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર-૧૯ થી માહે ડિસેમ્બર-૧૯ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર-૧૯ થી માહે ડિસેમ્બર-૧૯ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

ઉપરોકત દરખાસ્ત પરત્વે મતદાન લેતાં દરખાસ્તની તરફેણમાં ૨૨(બાવીસ) મત અને દરખાસ્તની વિરુધ્ધમાં ૧૦(દસ) મત પડેલ છે.

આથી આવેલ દરખાસ્ત વધુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફક્ત આપના જાણ માટે જ છે. જેને સત્તાyવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૪)** : પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૧૯ થી માહે સપ્ટેમ્બર -૧૯ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૮ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી ગોપાલભાઇ એમ. ગાંધી, શ્રી વિજયભાઇ. સી. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે હાઇસ્કુલનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૧૯ થી માહે સપ્ટેમ્બર-૧૯ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે હાઇસ્કુલનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૧૯ થી માહે સપ્ટેમ્બર-૧૯ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૫)** : પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર-૧૯ થી માહે ડિસેમ્બર -૧૯ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૯ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી ગોપાલભાઇ એમ. ગાંધી, શ્રી રીફાકતખાન એમ. પઠાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે હાઇસ્કુલનો તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર-૧૯ થી માહે ડિસેમ્બર-૧૯ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે હાઇસ્કુલનો તૈયાર થઇ આવેલ માહે ઓકટોબર-૧૯ થી માહે ડિસેમ્બર-૧૯ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૬)** : પેટલાદ નગરપાલિકામાં સેનેટરી વિભાગમાં કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારી શ્રી વિલિયમભાઇ ધનજીભાઇ પરમારે સ્વૈચ્છિક રાજીનામુ મૂકવા અંગે કરેલ અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૦ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી વિજયભાઇ સી. તળપદા, શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં સેનેટરી વિભાગમાં કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારી શ્રી વિલિયમભાઇ ધનજીભાઇ પરમારે સ્વૈચ્છિક રાજીનામુ મૂકવા અંગે કરેલ અરજી વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં ફરજ બજાવતાં કાયમી કર્મચારી શ્રી વિલિયમભાઇ ધનજીભાઇ પરમાર એ તેઓના અંગત કારણોસર તા.૩૧/૧૦/૨૦૧૯ થી રાજીનામુ મુકવા તા.૨૪/૦૯/૨૦૧૯ થી અરજી કરેલ હતી જે નગરપલિકામાં તા.૨૭/૦૯/૨૦૧૯ નાં રોજ રજૂ થયેલ છે. અને ત્યારથી તેઓ રજા પર હતાં. તેઓની સ્વૈચ્છિક રાજીનામુ મુકવા અંગેની અરજીની તારીખથી રાજીનામુ મંજુર થયેલ ન હોય તો એક વર્ષમાં કાયદાકીય રીતે રાજીનામુ પરત ખેંચી શકાય છે. તેથી તેઓએ તા.૦૧/૦૨/૨૦૨૦ થી રાજીનામુ પરત ખેંચેલ છે. અને તા.૦૧/૦૨/૨૦૨૦ થી પોતાની ફરજ પર હાજર થયેલ છે. વધુમાં તેઓની ફરજ પ્રત્યેની નિષ્ઠા, પોતાનાં વિભાગની કામ કરવાની કોઠાસૂઝ અને નિયમિતતા ધ્યાને લેતાં તેઓનું આવેલ રાજીનામુ નામંજુર કરવા ઠરાવવામાં આવે છે. આથી તેઓની જમા રજાઓ માન્ય કરી તે બાદ કરતાં જો વધુ સમયગાળો રહે તો તે કપાત પગારની રજા ગણી તેઓની રાબેતા મુજબની સળંગ નોકરી ગણવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી કરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૭) :** પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની કાયમી કર્મચારી તરીકેની ફરજ બજાવતાં કર્મચારી શ્રી ભરતભાઇ સલ્લુભાઇ જાદવનાં અવસાન થવાથી તેઓનાં વારસદાર શ્રી આશિષકુમાર ભરતકુમાર જાદવ એ રહેમરાહે નોકરી મેળવવા અંગે કરેલ અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૧ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ, શ્રી વિજયભાઇ સી. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની કાયમી કર્મચારી તરીકેની ફરજ બજાવતાં કર્મચારી શ્રી ભરતભાઇ સલ્લુભાઇ જાદવનાં અવસાન થવાથી તેઓનાં વારસદાર શ્રી આશિષકુમાર ભરતકુમાર જાદવ એ રહેમરાહે નોકરી મેળવવા અંગે કરેલ અરજી વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારીશ્રી ભરતભાઇ સલ્લુભાઇ જાદવનાં તાજેતરમાં ચાલુ નોકરીમાં અવસાન થયેલ છે. તેથી સરકારશ્રીનાં ધારાધોરણો અને નિયમોને આધિન તેઓનાં સીધી લીટીના વારસદારને ફરજમાં લેવા અને સરકારશ્રીનાં પરિપત્ર ઠરાવ ક્રમાંકઃ નપમ/૧૨૨૦૧૭/ સી.ફા.નં.૧૯/આર તા. ૧૮/૧૦/૨૦૧૭ થી ગુજરાત સરકારશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ આધારે વર્ગ-૪ ની ખાલી પડેલ જગ્યા રહેમરાહે તેઓનાં સીધી લીટીનાં વારસદારની નિમણૂંક કરવા ઠરાવેલ છે. તે આધારે પેટલાદ નગરપાલિકાનાં સફાઇ કામદાર શ્રી ભરતભાઇ સલ્લુભાઇ જાદવનાં અવસાન થવાથી તેઓનાં સીધી લીટીનાં વારસદાર શ્રી આશિશકુમાર ભરતભાઇ જાદવે કરેલ અરજી પરત્વે સાધનિક કાગળોને ધ્યાને લઇ તેઓને રહેમરાહે નોકરી આપવા ઠરાવવામાં આવે છે. અને આ અંગે સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત કરવા તથા આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૮) :** નામદાર સુપ્રિમ કોર્ટના સેફ્ટી કમિટીના અવલોકનો તથા દિશાનિર્દેશોનો અમલ કરવા બાબતે સરકારશ્રીમાંથી આવેલ પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૨ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી, શ્રી વિજયભાઇ સી. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

નામદાર સુપ્રિમ કોર્ટના સેફ્ટી કમિટીના અવલોકનો તથા દિશાનિર્દેશોનો અમલ કરવા બાબતે સરકારશ્રીમાંથી આવેલ પત્ર વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં નામદાર સુપ્રિમ કોર્ટ, રોડ સેફ્ટી કમિટીનાં તા.૧૮/૦૯/૨૦૧૯ નાં પત્ર અન્વયે ગુજરાત સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર દ્વારા કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલીટીઝ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગરને પાઠવેલ પત્રથી નામ. સુપ્રિમકોર્ટ, રોડ સેફ્ટી કમિટીનાં દિશાનિર્દેશોની અમલવારી દરેક નગરપાલિકાએ કરવા જણાવેલ છે. તે આધારે કમિશ્નર શ્રી, મ્યુનિસિપાલિટીઝ, ગાંધીનગર કચેરીનાં ઇ-મેલ પત્ર ક્રમાંકઃ કમિ.મ્યુનિ./ ન.પા.વ./ વશી/ ૪૦૬૮/ ૨૦૧૯ તા.૧૮/૧૦/૨૦૧૯ થી પાઠવેલ પત્ર અન્વયે દરેક નગરપાલિકામાં તેની અમલવારી કરવાની થાય છે. તે મુજબ નામદાર સુપ્રિમકોર્ટ, રોડ સેફ્ટી કમિટીનાં દિશાનિર્દેશોની પેટલાદ નગરપાલિકામાં અમલવારી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**સામાન્ય સભાનાં ઠરાવની નકલ**

**કામ નં. (૯) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલ્લતનગર સોસાયટીનાં મુખ્ય દ્વારથી કૃષ્ણનગર સોસાયટી સુધી ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન નાંખવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૩૩ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલ્લતનગર સોસાયટીનાં મુખ્ય દ્વારથી કૃષ્ણનગર સોસાયટી સુધી ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન નાંખવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલ્લતનગર સોસાયટીમાં ઝાંપાની અંદરનાં ભાગમાં ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન ન હોવાથી આ વિસ્તારમાં ગટર કનેકશન આપી શકાતાં ન હતાં. જે અંગે આ વિસ્તારમાંથી વારંવાર ફરિયાદો આવતી હોવાથી સદર પાઇપ લાઇન નાંખવી જરૂરી હોઇ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલ્લતનગર સોસાયટીનાં અંદરના ભાગથી કૃષ્ણ નગર સોસાયટી સુધી ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન નાંખવા અંગે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે થયેલ રૂ.૩૫,૦૦૪=૦૦ નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

ઉપરોકત દરખાસ્ત પરત્વે મતદાન લેતાં દરખાસ્તની તરફેણમાં ૨૨(બાવીસ) મત અને દરખાસ્તની વિરુધ્ધમાં ૧૦(દસ) મત પડેલ છે.

આથી આવેલ દરખાસ્ત વધુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ

પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાvવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**<u>સામાન્ય સભાનાં ઠરાવની નકલ</u>**

**કામ નં. (૧૦) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ગુલશનનગર સોસાયટીનાં પાછળનાં ગેટથી દેવકુવા મુખ્ય પંપીગ સ્ટેશન પાસે આવેલ મેનહોલ સુધી ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન નાંખવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૩૪ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી, શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ગુલશનનગર સોસાયટીનાં પાછળનાં ગેટથી દેવકુવા મુખ્ય પંપીગ સ્ટેશન પાસે આવેલ મેનહોલ સુધી ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન નાંખવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ગુલશનનગર સોસાયટીમાં ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન ન હોવાથી આ વિસ્તારમાં ગટર કનેકશન આપી શકાતાં ન હતાં. જે અંગે આ વિસ્તારમાંથી વારંવાર ફરિયાદો આવતી હોવાથી સદર પાઇપ લાઇન નાંખવી જરૂરી હોઇ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ગુલશનનગર સોસાયટીનાં પાછળનાં ભાગે દેવકુવા પંપીગ સ્ટેશન પાસે આવેલ મેનહોલ સુધી ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન નાંખવા અંગે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. આ અંગેનાં રૂા.૯૮,૨૩૨=૦૦ નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

ઉપરોકત દરખાસ્ત પરત્વે મતદાન લેતાં દરખાસ્તની તરફેણમાં ૨૨(બાવીસ) મત અને દરખાસ્તની વિરુધ્ધમાં ૧૦(દસ) મત પડેલ છે.

આથી આવેલ દરખાસ્ત વધુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૧) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ હરિજન સમાજની વાડી પાસેની ગલીમાં ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન નાંખવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૩૫ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ, શ્રી જયેશભાઇ કે. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ હરિજન સમાજની વાડી પાસેની ગલીમાં ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન નાંખવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ હરિજન સમાજની વાડી પાસેની ગલીમાં ભૂગર્ભ ગટર યોજનાની પાઇપલાઇન ન હોવાથી જાહેર માર્ગ પર આવેલ વરસાદી પાણીના નિકાલની નીકમાં નિકાલ કરવામાં આવતો હતો. જેથી આ વિસ્તારમાંથી વારંવાર ફરિયાદો આવતી હતી. પરંતુ આ વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન ન હોવાનાં કારણે ગટર કનેકશન આપી શકાતાં ન હતાં. જેથી તેનું નિરાકરણ લાવવા સદર પાઇપ લાઇન નાંખવી જરૂરી હોઇ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ હરિજન સમાજની વાડી પાસેની ગલીમાં ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન નાંખવા અંગે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. આ અંગેના રૂ|.૭૮,૬૨૦=૦૦ નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૨) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જીનની ચાલીમાં ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન નાંખવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૩૬ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીવિજયભાઇ. સી. તળપદા, શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જીનની ચાલીમાં ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન નાંખવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જીનની ચાલીમાં ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન ન હોવાથી જાહેર માર્ગ પર આવેલ વરસાદી પાણીના નિકાલની નીકમાં નિકાલ કરવામાં આવતો હતો. જેથી આ વિસ્તારમાંથી વારંવાર ફરિયાદો આવતી હતી. પરંતુ આ વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન ન હોવાનાં કારણે ગટર કનેકશન આપી શકાતાં ન હતાં. જેથી તેનું નિરાકરણ લાવવા સદર પાઇપ લાઇન નાંખવી જરૂરી હોઇ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જીનની ચાલીમાં ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન નાંખવા અંગે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. આ અંગેના રૂ|.૮૯,૪૭૫=૦૦ નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૩) :** પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત સફાઇ કામગીરી કરતાં કર્મચારીઓની સલામતિનાં ભાગરૂપે સરકારશ્રીનાં ધારા ધોરણ અન્વયે નિયમો બનાવવા અને તેનો પેટલાદ નગરપાલિકામાં અમલીકરણ કરવા અંગે આવેલ પરિપત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૭ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત સફાઇ કામગીરી કરતાં કર્મચારીઓની સલામતિનાં ભાગરૂપે સરકારશ્રીનાં ધારા ધોરણ અન્વયે નિયમો બનાવવા અને તેનો પેટલાદ નગરપાલિકામાં અમલીકરણ કરવા અંગે આવેલ પરિપત્ર વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં કેન્દ્ર સરકાર દ્વારા મેન્યુઅલ સ્કેવેન્જરની પ્રથા નાબુદ કરવા સંદર્ભે "ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રિહબીલીટેશન એકટ-૨૦૧૩" અમલમાં મુકેલ છે. તથા નામદાર વડી અદાલત દ્વારા રીટ પીટીશન(સીવીલ) ૫૮૩/૨૦૦૩ ના તા.૨૭/૦૩/૨૦૧૪ ના ચુકાદા સંદર્ભે પણ "ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રિહબીલીટેશન એકટ-૨૦૧૩" ના અસરકારક અમલીકરણ માટે જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે. તેમ છતાં આ સુચનાઓનું નગરપાલિકાઓ દ્વારા ચૂસ્તપણે પાલન નહિં થવાનાં કારણે ભૂગર્ભ ગટરની સફાઇ કામગીરી દરમ્યાન સફાઇ કામદાર / વ્યકિતના અપમૃત્યુ થવાની અનિચ્છનીય ઘટનાઓ બનતી હોય છે. જેની ગંભીરતાને ધ્યાને લઇ "ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રિહબીલીટેશન એકટ-૨૦૧૩" ની ચૂસ્તપણે અમલવારી કરવા મે. કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલીટી એડમિનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગરનાં ઇ-મેલ પરિપત્ર ક્રમાંક : કમિ. મ્યુનિ. એડી./ મહેકમ-૧/ મેન્યુઅલ સ્કેવેન્જર્સ / વશી /૧૩૦૬૦/ ૨૦૧૯ તા.૧૯/૧૦/૨૦૧૯ થી જણાવેલ છે. તે આધારે પેટલાદ નગરપાલિકામાં "ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રિહબીલીટેશન એકટ-૨૦૧૩" નું ચૂસ્તપણે અમલ કરવા પરિપત્રમાં જણાવ્યા મુજબ સફાઇ કામદારોને ભૂગર્ભ ગટરમાં ઉતારવા પર પ્રતિબંધ મુકવા અને અપમૃત્યુ / અકસ્માત રોકવા અંગેની જરૂરી માર્ગદર્શન સૂચનાઓ તથા નિયમોનું પાલન કરવા અને તે પરત્વે પેટલાદ નગરપાલિકા દ્વારા તૈયાર કરવામાં આવેલ કામ સાથે સામેલ નિયમો મંજુર કરી તેનો અમલ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાvવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

## <u>સામાન્ય સભાનાં ઠરાવની નકલ</u>

**કામ નં. (૧૪) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨ નાં ફાઇનલ પ્લોટ નં.૨૨/૧/૧ વાળી જગ્યા રેન્જ ફોરેસ્ટ ઓફિસ માટે ફાળવવા અંગે આવેલ રીપોર્ટ તથા રેન્જ ફોરેસ્ટ ઓફિસનો આવેલ પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૮ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી વિજયભાઇ. સી. તળપદા, શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨ નાં ફાઇનલ પ્લોટ નં.૨૨/૧/૧ વાળી જગ્યા રેન્જ ફોરેસ્ટ ઓફિસ માટે ફાળવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ટાઉન હોલનાં પાછળનાં ભાગે સ્વામિનારાયણ મંદિર રોડ પર આવેલ ટી.પી.સ્કીમ નં.૨ નાં ફાઇનલ પ્લોટ નં.૨૨/૧/૧ વાળી જગ્યાની માંગણી કરવા રેન્જ ઓફિસરની કચેરીનાં પત્ર નં.: જવક/ ૪૭/૨૦૧૯-૨૦ તા.૨૬/૦૬/૨૦૧૯ થી જણાવેલ છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨ નાં ફાઇનલ પ્લોટ નં.૨૨/૧/૧ વાળી જગ્યા પૈકી દક્ષિણ-ઉત્તર ૫૦ ફુટ (ડી.પી.વાળી જગ્યા સાથે ૫૪ ફુટ) અને પૂર્વ-પશ્ચિમ ૪૦ ફુટ (ડી.પી.વાળી જગ્યા સાથે ૪૫ ફુટ) મળી કુલ ડી.પી.ના પટ્ટાવાળી જગ્યા સિવાયની જગ્યાનું ક્ષેત્રફળ ૨૦૦૦ ચો.ફુટ જેટલી જગ્યા, પ્લોટમાં આવેલ વીજ ડી.પી.વાળી જગ્યાનો રસ્તા તરફનો પટ્ટો છોડી બાકી જણાવેલ માપવાળી જગ્યા રેન્જ ફોરેસ્ટ ઓફિસ માટે ફાળવવા ઠરાવવામાં આવે છે. અને તે સિવાય પ્લોટની બાકી રહેતી જગ્યા નગરપાલિકાની રહેશે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

ઉપરોકત દરખાસ્ત પરત્વે મતદાન લેતાં દરખાસ્તની તરફેણમાં ૨૨(બાવીસ) મત અને દરખાસ્તની વિરુધ્ધમાં ૧૦(દસ) મત પડેલ છે.

આથી આવેલ દરખાસ્ત વધુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાvવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૫) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ અર્જુનશાહ દરગાહ પાસેની ખુલ્લી જગ્યામાં ગાર્ડન બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૯ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન. એમ. પઠાણ, શ્રી અબરારબેગ. ડી. મિરઝા તથા શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ અર્જુનશાહ દરગાહ પાસેની ખુલ્લી જગ્યામાં ગાર્ડન બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં અર્જુનશાહ બાબાની દરગાહ એક ઐતિહાસિક ધાર્મિક સ્થળ આવેલ છે. તેથી શહેર તથા આસપાસનાં નાગરિકો આ જગ્યાએ આવતાં હોય છે. જેથી આ ધાર્મિક સ્થળની આસપાસ વિકાસ થવો જરૂરી છે. તે માટે આ સ્થળની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં જો એક સુંદર ઉપવન બનાવવામાં આવે તો નાગરિકોને બેસવાની જગ્યા તથા ધાર્મિક સ્થળ સાથે પર્યટક સ્થળ પણ બની શકે તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ અર્જુનશાહ બાબાની દરગાહ પાસેની ખુલ્લી જગ્યામાં આ ધાર્મિક સ્થળનાં ચેરમેનશ્રી તથા ટ્રસ્ટની લેખિત સંમતિ મેળવ્યા બાદ અને લોકભાગીદારીનાં ધોરણને અગ્રતાક્રમ આપી બગીચો બનાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૬) :** જૈવવિવિધતા વ્યવસ્થાપન કાયદા અને તેના નિયમોનો નગરપાલિકા કક્ષાએ અમલ કરવા બાબત.

**ઠરાવ નં. ૪૦ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા, શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

જૈવવિવિધતા વ્યવસ્થાપન કાયદા અને તેના નિયમોનો નગરપાલિકા કક્ષાએ અમલ કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં જૈવિક વિવિધતા અધિનિયમ (૨૦૦૨) અને નિયમો(૨૦૦૪) જેમાં જૈવિક વિવિધતા અંગેનાં કરારમાં સહી કરનાર સમર્થન તરીકેની તેની જવાબદારીઓ પૂર્ણ કરવા માટેની કાનૂની જોગવાઇઓનો ઉપયોગ કરવા ઉપરાંત યોગ્ય અને ન્યાયપૂર્ણ રીતે જૈવિક સાધનો અને સંલગ્ન જ્ઞાનના સંરક્ષણ અને વ્યવસ્થાપન અને તેના દ્વારા પ્રાપ્ત લાભોની ન્યાયી અને સપ્રમાણ વહેંચણી કરવા બાબતોનો ઉલ્લેખ કરેલ છે. અને તે માટે જરૂરી માર્ગદર્શન સિધ્ધાંતો અને સુચનાઓ સરકારશ્રીમાંથી આવેલ છે તેનો અમલ કરવા જણાવેલ છે. તે આધારે જૈવિક વિવિધતા અંગેના પાઠવેલ માર્ગદર્શક સિધ્ધાંતો તથા તેની સુચનાઓનો અને નિયમોનો પેટલાદ નગરપાલિકામાં અમલ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે તેને આનુસાંગિક આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૭) :** પેટલાદ નગરપાલિકામાં ફરજ બજાવતાં વર્ગ-૪ નાં કર્મચારીઓનાં જોબ ચાર્ટ નક્કી કરી ન.પા. અધિનિયમ-૧૯૬૩ ની કલમ ૨૭૧ હેઠળનાં મંજુર થયેલ નિયમોમાં સુધારો કરી સરકારશ્રીનાં સંલગ્નિત વિભાગમાં મંજુરી અર્થે મોકલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૧ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી જયેશભાઇ. કે. પટેલ, શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં ફરજ બજાવતાં વર્ગ-૪ નાં કર્મચારીઓનાં જોબ ચાર્ટ નક્કી કરી ન.પા. અધિનિયમ-૧૯૬૩ ની કલમ ૨૭૧ હેઠળનાં મંજુર થયેલ નિયમોમાં સુધારો કરી સરકારશ્રીનાં સંલગ્નિત વિભાગમાં મંજુરી અર્થે મોકલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં વર્ગ-૪ ની ફરજ બજાવતાં કર્મચારીઓની ફરજ પ્રત્યેનાં જોબચાર્ટ તૈયાર કરી ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૨૭૧ હેઠળ પેટલાદ નગરપાલિકા દ્વારા અગાઉ તૈયાર કર્યા આધારે મંજુર થયેલ પેટલાદ નગરપાલિકાનાં ઉપનિયમોમાં જરૂરી સુધારા-વધારા કરી નવિન બનાવવા ઠરાવવામાં આવે છે. અને તે સરકારશ્રીનાં સંલગ્નિત વિભાગમાં મંજુરી અર્થે દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે સરકારશ્રીનાં ધારાધોરણો અંતર્ગત નિયમો બનાવવા તથા આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૮) :** પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં કામે ઉપયોગમાં લેવામાં આવતું સેવર જેટીગ મશીન વાહન નં.જીજે-૨૩ વી-૮૬૭૨ બગડી જવાથી નવિન ખરીદ કરવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૨ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ, શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં કામે ઉપયોગમાં લેવામાં આવતું સેવર જેટીગ મશીન વાહન નં.જીજે-૨૩ વી-૮૬૭૨ બગડી જવાથી નવિન ખરીદ કરવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતું સેવર જેટિંગ મશીન વાહન નં.જીજે-૨૩ બી-૮૬૭૨ વપરાશને કારણે બગડી ગયેલ હતું જેને રીપેરીગ કરાવવામાં ઘણો સમય લાગે તેમ હોઇ અને આ જેટીગ મશીનની રોજબરોજની જરૂરિયાત રહેતી હોઇ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી ખોરવાઇ ન જાય તેવા શુભાશયથી રા.પ્રમુખશ્રીએ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૫(ઘ) હેઠળ મળેલ સત્તાની રૂએ સામાન્ય સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ સેવર જેટિંગ મશીન નવિન ખરીદ કરવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામનાં રૂા.૯,૮૫,૦૦૦/- નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૯) :** પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત આવતી ફરિયાદોનાં નિકાલ અર્થે ઉપયોગમાં લેવામાં આવતું જેટીગ મશીન વાહન નં.જીજે-૨૩ જી-૦૩૭૭ બગડી જવાથી તેને રીપેરીગ કરાવવા અંગે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૩ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણ, શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત આવતી ફરિયાદોનાં નિકાલ અર્થે ઉપયોગમાં લેવામાં આવતું જેટીગ મશીન વાહન નં.જીજે-૨૩ જી-૦૩૭૭ બગડી જવાથી તેને રીપેરીગ કરાવવા અંગે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતું જેટિગ મશીન વાહન નં.જીજે-૨૩ જી-૦૩૭૭ કે જે ભૂગર્ભ ગટર યોજનાની આવતી ફરિયાદોનાં નિરાકરણમાં ઉપયોગમાં લેવામાં આવતું હતું. જેનાં વપરાશને કારણે બગડી ગયેલ હતું. તેથી ભૂગર્ભ ગટર યોજનાની રોજબરોજની કામગીરી અટકી ન પડે તેવા આશયથી તેને તાત્કાલિક રીપેરીગ કરાવવું આવશ્યક હોઇ રા.પ્રમુખશ્રીએ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૫(ઘ) હેઠળ મળેલ સત્તાની રૂએ સામાન્ય સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ રીપેરીગ કરાવવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. જેમાં ફકત જેટીગ મશીન તથા વેકયુમ મશીનરીનાં રીપેરીગ કામનાં રૂા.૧,૯૫,૦૦૬=૮૦ પૈસાનાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ સાથે તેને સંલગ્નિત જોડાયેલ અશોક લેલેન્ડ વાહનનું રીપેરીગ અલગથી કરાવવાનું થાય છે. જેનું રીપેરીગ પણ કરાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૦) :** પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત આવતી ફરિયાદોનાં નિકાલ અર્થે ઉપયોગમાં લેવામાં આવતું ડી-સીલટીગ મશીન વાહન નં.જીજે-૨૩ જી-૦૩૭૮ બગડી જવાથી તેને રીપેરીગ કરાવવા અંગે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૪ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદા, શ્રીમતિ હેતલબેન. એ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત આવતી ફરિયાદોનાં નિકાલ અર્થે ઉપયોગમાં લેવામાં આવતું ડી-સીલટીગ મશીન વાહન નં.જીજે-૨૩ જી-૦૩૭૮ બગડી જવાથી તેને રીપેરીગ કરાવવા અંગે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતું ડી-સીલ્ટીગ મશીન વાહન નં.જીજે-૨૩ જી-૦૩૭૮ કે જે ભૂગર્ભ ગટર યોજનાની આવતી રોજબરોજની ફરિયાદોનાં નિરાકરણમાં ઉપયોગમાં લેવામાં આવતું હતું. જેનાં વપરાશને કારણે બગડી ગયેલ હતું. તેથી ભૂગર્ભ ગટર યોજનાની રોજબરોજની કામગીરી અટકી ન પડે તેવા આશયથી તેને તાત્કાલિક રીપેરીગ કરાવવું આવશ્યક હોઇ રા.પ્રમુખશ્રીએ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૫(ઘ) હેઠળ મળેલ સત્તાની રૂએ સામાન્ય સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ ડી-સીલટીગ મશીન વાહન નં.જીજે-૨૩ જી-૦૩૭૮ તથા ટ્રેલર જેટીગ મશીન વાહન નં.જીજે-૨૩ વી-૮૬૭૨ નાં રીપેરીગ કરાવવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામનાં રૂા.૧,૨૯,૮૦૦=૦૦ નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-
૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.
૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૧) :** પેટલાદ નગરપાલિકાનાં સૂએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે પાણી પ્રવાહ મીટર નંગ-૦૨ ખરીદ કરવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૫ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ, શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં સૂએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે પાણી પ્રવાહ મીટર નંગ-૦૨ ખરીદ કરવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારોમાં તબક્કાવાર ઝોનનાં વિસ્તારોમાં ભૂગર્ભ ગટર યોજના કાર્યરત કરવામાં આવેલ છે. ગુજરાત અર્બન ડેવલોપ મિશન દ્વારા પેટલાદ નગરપાલિકાનો આ યોજના અંતર્ગત સૂએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તૈયાર કરી કાર્યરત કરવામાં આવેલ છે. આ પ્લાન્ટમાં ઇનપુટ તથા આઉટપુટ પાણીનાં પ્રવાહનું મીટર લાગેલ નથી. જેથી રોજબરોજ કેટલા જથ્થામાં પાણીની આવક થાય છે કે તેનો પ્રોસેસ કરી કેટલા જથ્થામાં પાણીને ટ્રીટ કરી શકાય છે જાણી શકાતું નથી. આ બાબતે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનાં અધિકારીશ્રી દ્વારા કરેલ તેઓની મુલાકાતમાં આ નોંધ લીધી હતી. તેથી આ જગ્યાએ પ્રવાહ માટેનાં મીટર લગાવવાં જરૂરી હતું. વિશેષમાં આવા પાણીનાં પ્રવાહ મીટર લગાવવામાં આવે તો પેટલાદ નગરપાલિકા ફાઇવસ્ટાર રેટીગમાં ભાગ લઇ શકે તેમ હતું તદ્ઉપરાંત વોટર પ્લસની (WATER+) એટલે કે, પાણીનો બચાવ અને પુનઃ ઉપયોગની નીતિની સ્પર્ધામાં ભાગ લઇ શકાય તેમ હતું. સદર કામગીરી સ્પર્ધાત્મક અને આવશ્યક હતી તથા સમયમર્યાદામાં પણ કરવી જરૂરી હતી. તેથી પેટલાદ નગરપાલિકાનાં સૂએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનાં ઇનપુટ તથા આઉટપુટ માટેનાં પાણી પ્રવાહ મીટર નવિન ખરીદ કરવા આવશ્યક અને જરૂરી હોઇ રા.પ્રમુખશ્રીએ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૫(ઘ) હેઠળ મળેલ સત્તાની રૂએ સામાન્ય સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ વોટર ફ્લો મીટર નંગ-૦૨ ખરીદ કરવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામનાં રૂા.૫,૨૮,૦૦૦=૦૦ (GST ની રકમ સિવાય) નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૨) :** સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પેટલાદ નગરપાલિકાએ જરૂરી નિયમ અને શરતો મુજબ ઘટતી કાર્યવાહી હાથ ધરી સ્વચ્છ ભારત મિશન અંતર્ગત "વોટર પ્લસ" ની સ્પર્ધામાં ભાગ લેવા બાબતે સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૬ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદા, શ્રીમતિ હેતલબેન. એ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પેટલાદ નગરપાલિકાએ જરૂરી નિયમ અને શરતો મુજબ ઘટતી કાર્યવાહી હાથ ધરી સ્વચ્છ ભારત મિશન અંતર્ગત "વોટર પ્લસ" ની સ્પર્ધામાં ભાગ લેવા બાબતે સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પેટલાદ નગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમો યોજી સ્વચ્છતાને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. સરકારશ્રી દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પેટલાદ નગરપાલિકાને ODF++ જાહેર કરેલ છે. ભારત સરકારશ્રીનાં આવાસ અને શહેરી કાર્ય મંત્રાલય ની તા.૧૩/૦૮/૨૦૧૯ ની પ્રેસનોટ આધારે સ્વચ્છ ભારત મિશન અર્બન-ગુજરાત નાં પત્ર ક્રમાંકઃ સભમ / ૧૦૨૦૧૮/૨૧૦૨/ SBM Cell તા.૦૭/૧૦/૨૦૧૯ થી પાઠવેલ પત્રમાં સ્વચ્છ ભારત મિશન Water Plus પ્રોટોકોલની માર્ગદર્શિકા મુજબ Water Plus એટલે કે, પાણીનો બચાવ અને પુનઃ ઉપયોગની નીતિ ની દરખાસ્ત કરવા બાબતે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર અને નિયમનકારી શરતો પાઠવેલ છે. અને મે.પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓ, વડોદરા નાં ઇ-મેલ પત્ર ક્રમાંકઃ SBM / 2754 /૨૦૧૯ તા.૦૭/૧૦/૨૦૧૯ થી પાઠવેલ પત્રમાં Water Plus ની દરખાસ્ત કરવા જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર અને નિયમનકારી શરતો મુજબ કાર્યવાહી કરી નગરપાલિકાને Water Plus જાહેર કરતો સામાન્ય સભામાં પ્રાથમિક ઠરાવ પસાર કરી આગળની કાર્યવાહી હાથ ધરવા જણાવેલ છે. જે તમામ બાબતોને ધ્યાને લઇ પેટલાદ નગરપાલિકાને Water Plus જાહેર કરવા ઠરાવવામાં આવે છે. અને આ અંગેની સરકારશ્રીનાં સંલગ્નિત વિભાગમાં જરૂરી દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાપવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

# સામાન્ય સભાનાં ઠરાવની નકલ

**કામ નં. (૨૩) :** પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગ દ્વારા સફાઇ કામે કરવામાં આવતી ડોર ટુ ડોર કલેશન કામગીરી માટે જરૂરી રીક્ષા ટેમ્પી નંગ-૦૪ તથા એસ.ટી.પી. પ્લાન્ટ પર મીયાવાકી ફોરેસ્ટ માટે મીની ટ્રેકટર નંગ-૦૧ રોટા વેટર સાથે નવિન ખરીદ કરવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪૭ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ, શ્રીમતિ હેતલબેન. એ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગ દ્વારા સફાઇ કામે કરવામાં આવતી ડોર ટુ ડોર કલેશન કામગીરી માટે જરૂરી રીક્ષા ટેમ્પી નંગ-૦૪ તથા મીની ટ્રેકટર નંગ-૦૧ રોટા વેટર સાથે નવિન ખરીદ કરવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પેટલાદ નગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમો યોજી સ્વચ્છતાને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. જેનાં ભાગરૂપે પેટલાદ નગરપાલિકા દ્વારા ડોર ટુ ડોર કલેકશન વાન(છોટા હાથી) દ્વારા રોજબરોજનો કચરો શહેરી ગામતળ અને સોસાયટી વિસ્તાર જેવા તમામ વિસ્તારોમાંથી એકત્રિત કરવામાં આવે છે. પરંતુ આ વાહનો શહેરનાં ગામતળ વિસ્તારની સાંકડી ગલીઓમાં અને ચાલીઓમાં જઇ શકતા ન હોવાનાં કારણે જે તે વિસ્તારનાં મુખ્ય વિસ્તાર કે જયાં સુધી આ વાહન જઇ શકે ત્યાં ઊભું રાખી કચરાનું કલેકશન કરવામાં આવતું હતું. જેનાંથી નાગરિકોને કચરો લઇ દૂર સુધી તેનાં નિકાલ અર્થે આવવું પડતું હતું અને તે બાબતની મૌખિક રજૂઆતો પણ ઘણી આવતી હતી. બીજું કે, સેનેટરી પેડ અને ડાયપર કલેકશનમાં રોજનો અંદાજે ૫૦૦ કીલો જથ્થો આવતો હોવાથી ઇ-રીક્ષાની ક્ષમતા ઓછી પડતી હતી. તાજેતરમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ચાલતાં સ્વચ્છતા સર્વેક્ષણમાં આ બાબતોનું તાત્કાલિક નિરાકરણ લાવવું જરૂરી અને આવશ્યક હતું. જેથી પેટલાદ નગરપાલિકા દ્વારા ગામતળની સાંકડી ગલીઓમાં અને ચાલીઓમાં ડોર ટુ ડોર કલેકશન વાન જઇ શકે તે માટે નાનું વાહન અતુલ શકિત રીક્ષા ટેમ્પી નંગ-૦૪ તથા સરકારી અને નગરપાલિકાનાં આવેલ ખુલ્લા મોટા પ્લોટમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ છે. તે માટે વૈજ્ઞાનિક ઢબે વિડીગ ફ્રી કરવા માટે એક જરૂરી મીની ટ્રેકટર (રોટાવેટર સહિત) નવિન ખરીદ કરવાની જરૂર હોઇ રા.પ્રમુખશ્રીએ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૫(ઘ) હેઠળ મળેલ સત્તાની રૂએ સામાન્ય સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ અતુલ શકિત રીક્ષા ટેમ્પી નંગ-૦૪ તથા મીની ટ્રેકટર (રોટાવેટર સહિત) નંગ-૦૧ નવિન ખરીદ કરવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામનાં એક ટેમ્પીનાં રૂા.૩,૨૫,૦૦૦/- લેખે ચાર ટેમ્પીનાં કુલ રૂા.૧૩,૦૦,૦૦૦/- તથા મીની ટ્રેકટરનાં રૂા.૬,૯૯,૦૦૦/- નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર ખર્ચ ૧૪ મા નાણાપંચની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી કરવા ઠરાવવામાં આવે છે.

ઉપરોકત દરખાસ્ત પરત્વે મતદાન લેતાં દરખાસ્તની તરફેણમાં ૨૨(બાવીસ) મત અને દરખાસ્તની વિરુધ્ધમાં ૧૦(દસ) મત પડેલ છે.

આથી આવેલ દરખાસ્ત વધુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૪) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રેવન્યુ સર્વે નં.૪૯૨, ૬૬૧/અ, ૭૫/પૈકી ૭ તથા ૪૪૧ વાળી ખેતી લાયક જમીનમાં આકારણી કરવા અંગે આવેલ અરજીઓ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૮ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન. આર. પટેલ, શ્રી વિજયભાઇ. સી. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રેવન્યુ સર્વે નં.૪૯૨, ૬૬૧/અ, ૭૫/પૈકી ૭ તથા ૪૪૧ વાળી ખેતી લાયક જમીનમાં આકારણી કરવા અંગે આવેલ અરજીઓ પરત્વેનો રીપોર્ટ વંચાણમાં ્લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં તથા નગરપાલિકા હદ વિસ્તાર બહાર આવેલ વધારાનાં રેવન્યુ સર્વે નંબરવાળી જગ્યાઓમાં બાંધકામ કરી તેની આકારણી કરવા કામ સાથે સામેલ વિવિધ ઇસમોની અરજીઓ આવેલ છે. જેમાં નગરપાલિકા હદમાં હોય પરંતુ ખેતીલાયક જમીનમાં ઓરડી કે મકાન બનાવી રહેતા હોય તો તેવા ઇસમોને અગાઉ ઠરાવ્યા મુજબ જરૂરી કરાર અને શરતોને આધિન આકારણી કરી શકાય અથવા નગરપાલિકા હદ બહાર હોય તો તેઓને વિજ કનેકશન મેળવવા બાબતે આવતી અરજી પરત્વે નગરપાલિકા દ્વારા ન વાંધા પ્રમાણપત્ર આપવામાં આવે છે. જેથી તેઓને ફકત વિજ કનેકશન મળી શકે. પરંતુ નગરપાલિકા હદ બહાર હોય કે હદમાં હોય પણ ગણોતધારાની જમીન હોય તો તેની નિયમાનુસાર આકારણી કરી શકાતી નથી. પણ જે તે સર્વે નંબરનાં માલિક કે તેમનાં પરિવારનાં રહેઠાણ હેતુ મિલકત બનાવેલ હોય તો તેવા સંજોગોમાં રેવન્યુ વિભાગનો અભિપ્રાય મેળવી આવનાર અભિપ્રાય આધારે આકારણી કરવામાં આવે તો જે તે ઇસમોને વિજ કનેકશન, પાણી કનેકશન વિગેરે જેવી પાયાની સુવિધા મળી રહે તેમજ સરકારશ્રીની આવાસ યોજનાનો પણ લાભ લઇ શકે. તેથી સમગ્ર બાબતો ધ્યાને લેતાં ગણોતધારાની જમીનમાં આકારણી માટે સરકારશ્રીનાં રેવન્યુ વિભાગનો અભિપ્રાય મેળવી તે અભિપ્રાય આધારે આકારણી કરવા તથા ખેતીલાયક જમીનમાં જરૂરી કરાર અને શરતોને આધિન આકારણી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા_વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૫) :** પેટલાદ નગરપાલિકાનાં ઘરવેરા વિભાગની ડોર ટુ ડોર ચતુ:વર્ષીય આકારણી કરવાનાં કામે એપેલેટ ઓફિસરની નિમણૂંક કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૯ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં ઘરવેરા વિભાગની ડોર ટુ ડોર ચતુ:વર્ષીય આકારણી કરવાનાં કામે એપેલેટ ઓફિસરની નિમણૂંક કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં નગરપાલિકા અધિનિયમ મુજબ દર ચાર વર્ષે આકારણી કરવાની હોય છે. જે ભાડા આધારિત આકારણી કરવામાં આવતી હતી તે સમયે છેલ્લે ૨૦૦૪-૦૫ માં કરવામાં આવેલ હતી. પરંતુ સરકારશ્રી દ્વારા જાહેરનામુ બહાર પાડી ઘટતી કાર્યવાહીથી ક્ષેત્રફળ આધારિત આકારણી કરવામાં આવતાં દરેક નગરપાલિકાઓમાં ઘરે ઘરે ફરી માપણી અને તેનાં ઘટકોને આધિન આકારણી કરવામાં આવેલ છે. જેથી ક્ષેત્રફળ આધારિત વેરો લાગુ થયા બાદ સ્થળ તપાસ કરી પુન:ચકાસણી આકારણી કરવામાં આવેલ નથી. આ અંગે સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા જ ઘટતી કાર્યવાહીથી બોગરા એન્ડ કંપનીને નિયુક્તિ કરી તે એજન્સી પાસેથી દરેક નગરપાલિકાઓમાં આવી રીવાઇઝ આકારણી કરાવવા સુચના પાઠવવામાં આવેલ હતી. પરંતુ તેઓનાં નક્કી થયેલ દર મુજબ પ્રતિ મિલકત રૂ.૩૦/- જેટલો ખર્ચ થાય તેમ હતું જે કામગીરી ઘણી ખર્ચાળ થતી હતી. તેથી પેટલાદ નગરપાલિકા દ્વારા નિવૃત્ત મામલતદાર કક્ષાનાં કર્મચારીની એપેલેટ ઓફિસર તરીકેની નિમણૂંક કરી કામગીરી કરાવવી ઉચિત જણાતાં આ કામગીરી તે એજન્સી પાસે શરૂ કરવામાં આવેલ ન હતી. આ સમય દરમ્યાન સરકારશ્રીમાંથી વખતોવખતની મળેલ સુચના અન્વયે જે નગરપાલિકાઓમાં આવી કામગીરી ચાલુ હોય તે બંધ કરવા અને શરૂ કરેલ ન હોય તો તે કામગીરી ન કરાવવા જણાવેલ હતુ. પરંતુ તાજેતરમાં શહેરમાં થઇ રહેલા વિકાસ અને મિલકતોમાં જોવા મળતાં ફેરફારને ધ્યાને લેતાં અને પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારને અડીને આવેલ વધારાનાં વિસ્તાર, રેવન્યુ વિસ્તાર અને ભૌગોલિક રીતે પેટલાદની હદમાં આવતાં વિસ્તારો તેમજ પેટલાદ નગરપાલિકા દ્વારા અગાઉ સામાન્ય સભામાં કરેલ ઠરાવ આધારે પેટલાદનાં રેવન્યુ સર્વે નંબર કે જે પેટલાદનાં ડી.પી. નકશામાં અને ભૌગોલિક રીતે પેટલાદનાં સર્વે નંબર આવેલ છે તેમાં પણ સરકારશ્રીમાંથી મંજુરી મળે તો તેની આકારણી કરવાની થાય. આ સંજોગોમાં નિવૃત્ત મામલતદાર કક્ષાનાં કર્મચારીને એપેલેટ ઓફિસર તરીકે નિયુકત કરી કામગીરી કરાવવામાં આવે તે ઉચિત જણાય છે. જે તમામ બાબતોને ધ્યાને લઇ પેટલાદ નગરપાલિકાનાં ઘરવેરા વિભાગની પુન:ચકાસણી સહ નવિન ચતુ:વર્ષીય આકારણી કરવા યોગ્ય લાયકાત અને અનુભવ આધારે મામલતદાર કક્ષાનાં નિવૃત્ત કર્મચારીની નિયમાનુસારની ઘટતી કાર્યવાહી હાથ ધરી નિયુક્તિ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધ:-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાvવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઇ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૬) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી વેચાણ કે અન્ય કિસ્સામાં તબદીલ થયેલ મિલકતોનાં માલિકોનાં નામ માહે જુલાઇ-૧૯ થી માહે સપ્ટેમ્બર-૧૯ અંતિત ત્રિમાસિક સમયગાળાની અરજીઓ બાબતે જે તે માલિકોનાં નામ ટ્રાન્સફર કરવા અંગે મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૫૦ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદા, શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી વેચાણ કે અન્ય કિસ્સામાં તબદીલ થયેલ મિલકતોનાં માલિકોનાં નામ માહે જુલાઇ-૧૯ થી માહે સપ્ટેમ્બર-૧૯ અંતિત ત્રિમાસિક સમયગાળાની અરજીઓ બાબતે જે તે માલિકોનાં નામ ટ્રાન્સફર કરવા અંગે મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો વેચાણ થવાથી, વારસાઇથી કે અન્ય કિસ્સામાં તબદીલ થવાથી નગરપાલિકાનાં ઘરવેરા વિભાગની આકારણી દફતરે નામ તબદીલ માટે અરજીઓ આવેલ છે. જેમાં માહે જુલાઇ-૧૯ થી માહે સપ્ટેમ્બર-૧૯ સુધીની આવેલ અરજીઓની તૈયાર કરેલ યાદી અ.નં.૮૭ થી ૧૨૫ સુધીની અરજીઓ સાથે રજૂ કરેલ નિયમાનુસાર તેનાં સાધનિક પુરાવા આધારે જે તે નવિન માલિકનાં નામે મિલકત, જે તે મિલકતનાં બાકી તમામ વેરા તથા તેને લગતી થતી ટ્રાન્સફર ફી ની રકમ ચૂકતે વસુલ લઇ આકારણી પત્રકે નવિન માલિકનાં નામ પુરાવા આધારે દર્શાવવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૭) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી વેચાણ કે અન્ય કિસ્સામાં તબદીલ થયેલ મિલકતોનાં માલિકોનાં નામ માહે ઓકટોબર-૧૯ થી માહે ડિસેમ્બર-૧૯ અંતિત ત્રિમાસિક સમયગાળાની અરજીઓ બાબતે જે તે માલિકોનાં નામ ટ્રાન્સફર કરવા અંગે મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૫૧ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી વિજયભાઇ. સી. તળપદા, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી વેચાણ કે અન્ય કિસ્સામાં તબદીલ થયેલ મિલકતોનાં માલિકોનાં નામ માહે ઓકટોબર-૧૯ થી માહે ડિસેમ્બર-૧૯ અંતિત ત્રિમાસિક સમયગાળાની અરજીઓ બાબતે જે તે માલિકોનાં નામ ટ્રાન્સફર કરવા અંગે મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો વેચાણ થવાથી, વારસાઇથી કે અન્ય કિસ્સામાં તબદીલ થવાથી નગરપાલિકાનાં ઘરવેરા વિભાગની આકારણી દફતરે નામ તબદીલ માટે અરજીઓ આવેલ છે. જેમાં માહે ઓકટોબર-૧૯ થી માહે ડિસેમ્બર-૧૯ સુધીની આવેલ અરજીઓની તૈયાર કરેલ યાદી અ.નં.૧૨૬ થી ૧૮૫ સુધીની અરજીઓ સાથે રજૂ કરેલ નિયમાનુસાર તેનાં સાધનિક પુરાવા આધારે જે તે નવિન માલિકનાં નામે મિલકત, જે તે મિલકતનાં બાકી તમામ વેરા તથા તેને લગતી થતી ટ્રાન્સફર ફી ની રકમ ચૂકતે વસુલ લઇ આકારણી પત્રકે નવિન માલિકનાં નામ પુરાવા આધારે દર્શાવવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાhવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૮) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જાહેર વિસ્તાર, શેરીઓ, સોસાયટીઓ વિગેરે વિસ્તાર દર્શાવતાં બોર્ડ જે તે વિસ્તારમાં લગાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. પર / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી વિજયભાઇ. સી. તળપદા, શ્રી રીફાકતખાન. એમ. પઠાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જાહેર વિસ્તાર, શેરીઓ, સોસાયટીઓ વિગેરે વિસ્તાર દર્શાવતાં બોર્ડ જે તે વિસ્તારમાં લગાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં નાગરિકોને જાણકારી મળી રહે તેવા શુભાશયથી સમગ્ર શહેરમાં આવેલ જુદા જુદા વિસ્તારો, ગલીઓમાં જુદી જુદી શેરીઓનાં, સોસાયટીઓનાં નામ દર્શાવતા સાઇન બોર્ડ મુકવા જરૂરી છે. તેનાથી નગરપાલિકાની આગવી ઓળખ ઊભી થાય અને બહારથી આવતાં નાગરિકોને પણ માહિતી મળી રહે તે માટે શહેરી વિસ્તાર દર્શાવતા દિવસે અને રાત્રે પણ વાંચી શકાય તેવા સાઇન બોર્ડ લગાવવા યોગ્ય અને ઉચિત જણાય છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ વિસ્તારોનાં કામ સાથે સામેલ યાદી મુજબનાં અંદાજે ૪૦૦ થી વધુ વિસ્તારનાં તથા તેનાં પેટા વિસ્તારો સહિતનાં સાઇનબોર્ડ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી લગાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર અંદાજીત રૂા.૩.૦૦ લાખનાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૯) :** પેટલાદ નગરપાલિકાનાં પ્લાસ્ટીક પાયરોલિસીસ પ્લાન્ટનાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ બાબતે પ્લાસ્ટીકનાં જથ્થાનો સુયોગ્ય નિકાલ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૩ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન. એમ. પઠાણ, શ્રી અબરારબેગ. ડી. મિરઝાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં પ્લાસ્ટીક પાયરોલિસીસ પ્લાન્ટનાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ બાબતે પ્લાસ્ટીકનાં જથ્થાનો સુયોગ્ય નિકાલ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા દ્વારા શહેરમાંથી અલગ-અલગ કચરો ઉઘરાવવામાં આવે છે. તેમાં આવતાં પ્લાસ્ટીકને પાયરોલિસીસ કરી તેમાંથી ઓઇલ બનાવવામાં આવે છે. શહેરમાંથી ઉઘરાવવામાં આવતાં પ્લાસ્ટીક કચરામાં રેપર, પડીકીઓ, કોથળીઓ વિગેરે જેવો કચરો મળી અંદાજે ૫૦૦ કીલો જેટલો જથ્થો રોજબરોજ આવે છે. આ જથ્થાને પાયરોલિસીસ પ્લાન્ટનાં પ્રોસેશમાં લાગતો સમય, ઘણી વખત વિજ સપ્લાય ન હોવો, મશીનરીની મરામત વિગેરે કારણોને લીધે સમય વેડફાતો હોવાથી રોજે રોજની આવક સામે નિકાલ ઓછો થાય છે. તદ્ઉપરાંત આસપાસની નગરપાલિકામાંથી પણ પ્લાસ્ટીકનો જથ્થો પેટલાદ નગરપાલિકામાં મોકલવામાં આવતો હોય છે. જેથી પ્લાસ્ટીકનો જથ્થો પડી રહે એટલે તેનો ભરાવો થયા કરે છે. આ સંજોગોમાં તેનું નિરાકરણ થાય તેવા શુભાશયથી વધારાનાં પ્લાસ્ટીકનાં જથ્થાને અમદાવાદ ખાતે આવેલ ડોલો પ્લાસ્ટ કંપનીમાં અથવા અન્ય કોઇ આવી કામગીરી કરતી કંપનીમાં મોકલી તેની સામે નગરપાલિકાને ઉપયોગી ચીજ વસ્તુઓ બદલા પધ્ધતિથી મેળવીએ તો કચરામાંથી ઉપયોગી વસ્તુઓ મળી શકે તેમ છે. અથવા પ્રોસેસ કરેલું પ્લાસ્ટીક ખરીદવા ઇચ્છે તો પ્લાસ્ટીકની મમરી અને ફોતરા પ્રતિ કીલો રૂા.૧૦/- લેખે વસુલ લઇ જથ્થાનો યોગ્ય નિકાલ કરી શકાય તેમ છે. બીજું કે, અન્ય નગરપાલિકા જો તેમનાં પ્લાસ્ટીક વેસ્ટ અત્રે મોકલી આપે અથવા કોઇ ઇન્ડસ્ટ્રીઝ કે કંપનીનું પ્લાસ્ટીક વેસ્ટ અત્રે મોકલી આપે તો તેનો નિકાલ પ્રતિ કીલો રૂા.૫/- લેખે વસુલ લઇ પેટલાદ નગરપાલિકા દ્વારા નિકાલ કરી શકાય અને તેના બદલામાં પેટલાદ નગરપાલિકામાં ઉપયોગી ચીજ વસ્તુઓ મેળવી શકાય તેમ છે. જે તમામ બાબતો ધ્યાને લઇ પેટલાદ નગરપાલિકાનાં પાયરોલિસીસ પ્લાન્ટ પરનાં વધારાનાં પ્લાસ્ટીક વેસ્ટનાં જથ્થાને અમદાવાદ ખાતે આવેલ ડોલો પ્લાસ્ટ કંપનીમાં અથવા આ કામગીરી માટે રસ ધરાવતી કંપનીમાં જરૂરી શરતો અને કરાર કરી નિયમાનુસારની પ્રક્રિયાથી મોકલી આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાYવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૦) :** પેટલાદ નગરપાલિકાનાં વિવિધ મશીનરીની બાબતમાં પ્રયાસ એન્જીનીયરીગ કંપની, વિદ્યાનગર ને ટેકનિકલ એડવાઇઝર અને ઇજનેરી સહાયક તરીકે નિયુકત કરવા અંગે તેઓનો આવેલ પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૪ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ. ડી. મિરઝા, શ્રી રીફાકતખાન. એમ. પઠાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં વિવિધ મશીનરીની બાબતમાં પ્રયાસ એન્જીનીયરીગ કંપની, વિદ્યાનગર ને ટેકનિકલ એડવાઇઝર અને ઇજનેરી સહાયક તરીકે નિયુકત કરવા અંગે તેઓનો આવેલ પત્ર વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા દ્વારા પાયરોલિસીસ પ્લાન્ટ બનાવવામાં આવેલ છે. જેમાં ઉપયોગમાં લેવામાં આવતી વિવિધ મશીનરીનાં નિભાવણી, દેખરેખ અને મરામતની જરૂરિયાત રહે છે. આ અંગે વિદ્યાનગર સ્થિત એલીકોન કંપનીનો સંપર્ક કરતાં તેઓની પ્રયાસ એન્જીનીયરીગ લી. દ્વારા પાઠવેલ તા.૩૦/૧૨/૨૦૧૯ નાં પત્રમાં જણાવ્યા આધારે પેટલાદ નગરપાલિકાનાં સોલીડ વેસ્ટ પ્લાન્ટનાં ટેકનિકલ એડવાઇઝર તરીકે સેવા આપવા અને જો મશીનરીનાં પાર્ટમાં કોઇ ખામી જણાય તો મશીનરીમાં એડ ઓન ટેકનોલોજીનો ફકત મટેરીયલ ખર્ચ અને નિયત થતો ટેક્ષ વસુલ લઇ કોઇપણ જાતનાં નફા વગર દેખરેખ તથા મરામતની કામગીરી કરવાની ઇચ્છા સાથે ઓફર મોકલી આપેલ છે. સદર પ્લાન્ટમાં ટેકનિકલ એડવાઇઝર અને મરામત કે નિભાવણી મદદનીશ કે મશીનરીનાં તજજ્ઞ હોવા ખૂબ જરૂરી છે. જે કંપની પાસેથી મશીનરી ખરીદ કરેલ હતી તેનો ઓ એન્ડ એમ નો સમય પુરો થતાં મેન્યુફેકચરર પાસેથી આવી કામગીરી કરાવવામાં આવે તે ખૂબજ ખર્ચાળ બની શકે છે. ઉપરાંત ભવિષ્યમાં આ પ્લાટ ચલાવવા સક્ષમ અધિકારી પેટલાદમાં ન હોય તો કરોડો રૂપિયાની વસાવેલ મશીનરી બંધ થઇ જાય અને સરકારી નાણાં વેડફાઇ જાય તેમ છે. જે બાબતો ધ્યાને લઇ જરૂરી કરાર અને શરતોને આધિન પેટલાદ નગરપાલિકાની વિવિધ મશીનરીની દેખરેખ અને મરામતની કામગીરી પ્રયાસ એન્જીનીયરીગ લિ., વલ્લભ વિદ્યાનગરને કામગીરી સોંપવા તથા ભવિષ્યમાં જો કોઇ અન્ય કંપની દ્વારા આવી કામગીરી કરી આપવા સંમતિ કે ઓફર આવે તો ઘટતી કાર્યવાહીથી તેઓ પાસે કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે.આ અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩૧) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ નગરપાલિકાની જમીન પર મૂકવામાં આવેલ કેબીનમાં નગરપાલિકાનું નામ દર્શાવવા અને તેમાં ભોગવટા તરીકે જે તે ઇસમનાં નામ લખવા અંગે કેબીનભાડા દફતરેથી આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૫ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન. એમ. પઠાણ, શ્રી અબરારબેગ. ડી. મિરઝાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ નગરપાલિકાની જમીન પર મૂકવામાં આવેલ કેબીનમાં નગરપાલિકાનું નામ દર્શાવવા અને તેમાં ભોગવટા તરીકે જે તે ઇસમનાં નામ લખવા અંગે કેબીનભાડા દફતરેથી આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં નગરપાલિકાની જાહેરમાર્ગ પૈકીની જગ્યામાં ઘણાં વર્ષોથી જુદા જુદા વિસ્તારોમાં કેબીન મુકવામાં આવેલ છે. જેનું નિયમાનુસાર ભાડુ વસુલવામાં આવે છે. પરંતુ આ કેબીનધારકો એકબીજાને તબદીલ કરે ત્યારે નગરપાલિકામાં કેબીન ભાડાનાં તથા ઘરવેરા વિભાગનાં સદરે માલિક તરીકે દર્શાવેલ હોવાથી પરંતુ ખરેખર જમીન માલિક નગરપાલિકા છે. તેથી તેવી કેબીનો કાયદાકીય રીતે તબદીલ થઇ શકે નહિં તો આ સંજોગોમાં પેટલાદ નગરપાલિકાની માલિકીનાં અન્ય શોપિંગ સેન્ટરમાં માલિક તરીકે પેટલાદ નગરપાલિકા દર્શાવવામાં આવે છે તે રીતે કેબીન ધારકોમાં પણ માલિક તરીકે પેટલાદ નગરપાલિકા દર્શાવવા અને ભોગવટેદાર અથવા કબ્જેદારમાં જે તે કેબીનધારકનાં નામ દર્શાવવામાં આવે તો કાયદાકીય ગૂંચ ઊભી ન થાય અને જયારે કેબીનધારક એકબીજાને તબદીલ કરે ત્યારે નવિન કેબીન ધારકનું નામ પણ નિયમાનુસાર થતી ટ્રાન્સફર ફી વસુલ લઇ તથા ઘટતી કાર્યવાહીથી તબદીલ કરી શકાય. આથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ નોંધાયેલ કેબીનોમાં માલિક તરીકે પેટલાદ નગરપાલિકા દર્શાવવા અને

ભોગવટેદાર અથવા કબ્જેદાર તરીકે જે તે ઇસમનાં નામ દર્શાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩૨) :** પેટલાદ નગરપાલિકાનાં પ્રમુખશ્રીનું નામ શેરી ફેરીયા સમિતિમાં પ્રતિનિધી તરીકે મોકલવા બાબત.

**ઠરાવ નં. ૫૬ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ. ડી. મિરઝા, શ્રી રીફાકતખાન. એમ. પઠાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં પ્રમુખશ્રીનું નામ શેરી ફેરીયા સમિતિમાં પ્રતિનિધી તરીકે મોકલવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર દ્વારા તા.૨૦/૧૨/૨૦૧૬ થી જાહેરનામુ બહાર પાડી શહેરી ફેરીયા (આજીવિકા રક્ષણ અને ફેરીની પ્રવૃત્તિનું નિયમ) અધિનિયમ-૨૦૧૪ અમલી બનાવવામાં આવેલ છે. જેનાં નિયમો તથા પેટા નિયમોને આધિન શહેરી ફેરીયા સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સમિતિની અવધિ પૂર્ણ થનાર હોઇ તેની પુનઃરચના કરવા અંગે નિયમ ૬(૧) અન્વયે પેટલાદ નગરપાલિકાનાં પ્રતિનિધી તરીકે પ્રમુખશ્રીને નિમવાનાં થાય છે. આથી પેટલાદ શહેરી ફેરીયા સમિતિમાં પ્રતિનિધી તરીકે પેટલાદ નગરપાલિકાનાં પ્રમુખશ્રીની નિયુક્તિ કરવા ઠરાવવામાં આવે છે. તથા આ અંગે તેની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા-વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૩) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાનાં નવિન કનેકશન મેળવવા અંગેની ફકત કનેકશન ફી નક્કી કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૭ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાનાં નવિન કનેકશન મેળવવા અંગેની ફકત કનેકશન ફી નક્કી કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતોમાં ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત નવિન કનેકશન મેળવવા માંગતા મિલકત ધારકો પાસેથી વખતો વખતનાં ઠરાવને આધિન કનેકશન ફી વસુલ કરવામાં આવે છે. જેમાં સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૪૯/તા.૧૮/૦૨/૨૦૧૬ થી ઠરાવ્યા આધારે વહેલાં તે પહેલાંનાં ધોરણે કનેકશન મેળવે તેવા હેતુસર પ્રથમ વર્ષ માટે રૂા.૨૦૦/-, બીજા વર્ષ માટે રૂા.૩૦૦/-, ત્રીજા વર્ષ માટે રૂા.૫૦૦/-, ચોથા વર્ષ માટે રૂા.૭૫૦/- અને પાંચમા વર્ષ કે તે પછી રૂા.૧,૦૦૦/- કનેકશન ફી વસુલ લેવા ઠરાવેલ હતું. ત્યારબાદ સામાન્ય સભાનાં ઠરાવ નં.૮૧/તા.૨૮/૦૨/૧૯ થી ઠરાવ્યા આધારે શહેરમાં વધુમાં વધુ ગટર કનેકશન મેળવે અને જાહેર ખુલ્લી નીકો બંધ થાય તો ગંદકી ઓછી થાય તેવા શુભાશયથી એક વર્ષ માટે કનેકશન ફી માં માફી આપવા ઠરાવેલ હતું. આ બાબતે હજુ વધુમાં વધુ મિલકત ધારકો દ્વારા ગટર કનેકશન લેવાય તે જરૂરી છે. તેથી આગામી શરૂ થતાં નવા નાણાંકીય વર્ષ સને ૨૦૨૦-૨૧ નાં નાણાંકીય વર્ષથી વધુ એક વર્ષ માટે ગટર કનેકશન ફી માફ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે તેની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩૪) :** કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલિટી એડમિનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગર તરફથી આવેલ પત્ર વંચાણમાં લઇ વોર્ડ લેવલ ચાઇલ્ડ પ્રોટેકશન કમિટીની રચના કરવા બાબત.

**ઠરાવ નં. ૫૮ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ, શ્રીમતિ હેતલબેન. એ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલિટી એડમિનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગર તરફથી આવેલ પત્ર વંચાણમાં લઇ વોર્ડ લેવલ ચાઇલ્ડ પ્રોટેકશન કમિટીની રચના કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં કમિશ્નર, મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગરનાં ઇ-મેલ પત્ર ક્રમાંક : કમિ.મ્યુનિ./ ન.પા. વહીવટ/ વશી/ ૦૫/૨૦૨૦ તા.૦૭/૦૧/૨૦૨૦ થી પાઠવેલ પત્રમાં જણાવ્યા અનુસાર રાજયમાં હાલ "ધ જુનેવાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એકટ, ૨૦૧૫" તથા ભારત સરકારની સંકલિત બાળ સુરક્ષા યોજના અમલમાં છે. જે અન્વયે રાજયની મહાનગરપાલિકા તથા નગરપાલિકાઓમાં વોર્ડ કક્ષાની બાળ સુરક્ષા સમિતિ રચવાની બાબત વિચારણા હેઠળ હોઇ તેનાં સૂચિત માળખાને ધ્યાને લઇ અભિપ્રાય મોકલી આપવા જણાવેલ છે. તેથી સૂચિત માળખાનો અભ્યાસ કરતાં બાળકો પર થતાં હિંસાનાં બનાવો રોકવા, રક્ષણ માટે, બાળ મજુરી રોકવા, બાળ લગ્ન રોકવા, બાળકોને શાળાએ મોકલવા પ્રોત્સાહિત કરવા વિગેરે બાબતોનો મુખ્ય ઉદ્દેશ જળવાયેલ છે. તેથી શહેરી વિસ્તારમાં જો વોર્ડ કક્ષાની ચાઇલ્ડ પ્રોટેકશન સમિતિની રચના કરવામાં આવે તે આવકાર્ય છે. તેથી પેટલાદ નગરપાલિકા દ્વારા ઉકત પત્રમાં જણાવેલ માળખાની વિગતોનું પાલન કરવા તથા વોર્ડ કક્ષાની ચાઇલ્ડ પ્રોટેકશન સમિતિની રચના કરવાનાં અભિપ્રાય સહ હકારાત્મક વલણ અપનાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે તેની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા(વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૫) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાંથી મૃત પશુ અંગેની આવતી ફરિયાદનાં નિવારણ અર્થે પ્રોસેસીગ સાઇટ ખાતે મૃત પશુનો નિકાલ કરવા અંગેની ભઠ્ઠી નવિન ખરી કરવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૯ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન. આર. પટેલ, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાંથી મૃત પશુ અંગેની આવતી ફરિયાદનાં નિવારણ અર્થે પ્રોસેસીગ સાઇટ ખાતે મૃત પશુનો નિકાલ કરવા અંગેની ભઠ્ઠી નવિન ખરી કરવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધોં. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાંથી મૃત પશુઓનો નિકાલ કરવા અંગેની ફરિયાદો મળતી હોય છે. તે બાબતે નગરપાલિકા દ્વારા જે તે સ્થળેથી ઉપાડી લઇ લક્કડપુરા પાસે આવેલ નગરપાલિકાનાં પ્રોસેસીગ સાઇટ પર ખાડા કરી જરૂરી પ્રક્રિયાથી તેનો નિકાલ કરવામાં આવે છે. પરંતુ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત અને એમ.એસ.ડબલ્યુ રૂલ્સ અંતર્ગત મૃત પશુનો યોગ્ય નિકાલ કરવો જરૂરી છે. વધુમાં જગ્યાનાં અભાવે ભવિષ્યમાં મૃત પશુઓનો નિકાલ કરવામાં મુશ્કેલી ઊભી થઇ શકે તેમ છે. તેથી આ બાબતોનું નિરાકરણ લાવતાં જો નગરપાલિકાના પ્રોસેસીગ સાઇટ પર મૃત પશુનાં નિકાલ અર્થેનું મશીન (ભઠ્ઠો) નવિન ખરીદ કરી કાર્યરત કરવામાં આવે તે ઉચિત અને યોગ્ય જણાય છે. તેથી લક્કડપુરા પાસે આવેલ પેટલાદ નગરપાલિકાનાં પ્રોસેસીગ સાઇટ પર મૃત પશુનાં નિકાલ અર્થેનું નવિન મશીન (ભઠ્ઠી) ખરીદ કરી કાર્યરત કરવા ઠરાવવામાં આવે છે.આ અંગે તેની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩૬) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં કસ્બા પટેલની વાડી પાસે આવેલ સાકરબા ચતુરભાઇ પ્રાથમિક શાળા બંધ થયેલ હોવાથી તે મકાનનો કબ્જો નગરપાલિકાએ પરત મેળવવા અંગે ઘટતી કાર્યવાહી કરવા બાબત.

**ઠરાવ નં. ૬૦ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં કસ્બા પટેલની વાડી પાસે આવેલ સાકરબા ચતુરભાઇ પ્રાથમિક શાળા બંધ થયેલ હોવાથી તે મકાનનો કબ્જો નગરપાલિકાએ પરત મેળવવા અંગે ઘટતી કાર્યવાહી કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ટાઉનહોલ સામે કસ્બા પટેલની વાડી પાસે સાકરબા ચતુરભાઇ પ્રાથમિક શાળા લોકભાગીદારીથી બનાવી તાલુકા પંચાયતનાં તાબા હેઠળ શાળા કાર્યરત હતી. આ જગ્યા પેટલાદ નગરપાલિકાની માલિકીની આવેલ છે. હાલમાં આ શાળા છેલ્લા ઘણાં સમયથી બંધ કરવામાં આવેલ છે. તેથી મિલકત બંધ હાલતમાં અને બિન ઉપયોગી પડી રહેલ છે. સદર શાળાની જમીન માલિકી નગરપાલિકાની હોઇ તાલુકા પંચાયતનાં સંલગ્નિત વિભાગ પાસેથી તેનો કબ્જો પરત મેળવવો જરૂરી છે. જેથી સરકારશ્રીની વિવિધ યોજનાનાં વર્ગો ચલાવી શકાય અને નગરપાલિકાનાં ઉપયોગમાં પણ આવે તે હેતુ છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ટાઉનહોલ સામે કસ્બા પટેલની વાડી પાસે આવેલ સાકરબા ચતુરભાઇ પ્રાથમિક શાળાનો કબ્જો પરત મેળવવા ઘટતી કાર્યવાહી હાથ ધરવા ઠરાવવામાં આવે છે. આ અંગે તેની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધ:-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

ર). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૭) :** પેટલાદ નગરપાલિકાનાં સંતરામપુરા હેડ વર્કસ ખાતે નવિન પાણીની ટાંકી બનાવવા તથા હયાત ઓવર હેડ પાણીની ટાંકી જર્જરિત થયેલ હોવાથી તેને તોડી નાંખવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૧ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રીમતિ નયનાબેન. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં સંતરામપુરા હેડ વર્કસ ખાતે નવિન પાણીની ટાંકી બનાવવા તથા હયાત ઓવર હેડ પાણીની ટાંકી જર્જરિત થયેલ હોવાથી તેને તોડી નાંખવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાના વારિગૃહ વિભાગનાં સંતરામપુરા હેડવર્કસ ખાતે આવેલ હયાત ઓવરહેડ પાણીની ટાંકી વર્ષો પહેલાં બનાવેલી હતી જે હાલમાં જર્જરિત થયેલ હોવાથી તેનાં સ્લેબમાંથી પોપડા પડે છે અને દાદર પણ તુટી ગયેલ છે. જેથી તેની સફાઇ કરવા ઉપર જઇ શકાતું ન હોવાથી તેની સફાઇ થઇ શકતી નથી. અને કોઇ મોટો અકસ્માત ન થાય અને જાનહાનિ ન થાય તેવા શુભાશયથી તોડી નાંખવી હિતાવહ જણાય છે. પરંતુ આ ટાંકી દ્વારા શહેરમાં પુરો પાડવામાં આવતો પાણી પૂરવઠો ખોરવાઇ ન જાય તે આશયથી પહેલાં નવિન ઓવર હેડ ટાંકી બનાવવી જરૂરી છે. તેથી પેટલાદ નગરપાલિકાનાં સંતરામપુરા હેડ વર્કસ ખાતે નવિન ઓવરહેડ પાણીની ટાંકી બનાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા.૫૨,૫૭,૦૦૦/- નો અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે તેની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩૮) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ પરમાણિયા તળાવનું અધૂરુ રહેલ બ્યુટી ફીકેશનનું કામ તથા ધોબીકુંડ તળાવને બ્યુટીફીકેશન કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૨ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રીમતિ નયનાબેન. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ પરમાણિયા તળાવનું અધૂરુ રહેલ બ્યુટી ફીકેશનનું કામ તથા ધોબીકુંડ તળાવને બ્યુટીફીકેશન કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ઐતિહાસિક પરમાણિયા તળાવ આવેલ છે. જેનું બ્યુટીફીકેશન કરવા અગાઉ સામાન્ય સભામાં ઠરાવ કરી ઘટતી કાર્યવાહી કરી તેનું બ્યુટીફીકેશન કરવામાં ધાર્મિક સ્થળને અસર થતી હોઇ ધાર્મિક લાગણી ન દુભાય તેવા આશયથી આ કામગીરી જે તે સમયે કારોબારી સમિતિનાં ઠરાવને આધિન સ્થગિત કરવામાં આવેલ હતી. જેથી ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવેલ સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત યુડીપી-૮૮ ની સને ૨૦૦૯ થી ૨૦૧૩ સુધીની ગ્રાન્ટની રૂા.૧.૭૫ કરોડ જેટલી રકમ બચત રહેવા પામેલ છે. આ બચત રહેલ ગ્રાન્ટની રકમમાંથી પરમાણિયા તળાવનું અધુરું રહેલ બ્યુટીફીકેશન કરવા તૈયાર કરવામાં આવેલ તેનાં રીવાઇઝ પ્લાન એસ્ટીમેટ મુજબની કામગીરી તથા બ્યુટીફીકેશનની નવિન કામગીરી નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે તૈયાર થઇ આવેલ અનુક્રમે રૂા.૪૯,૨૮,૭૦૦/- તથા રૂા.૪૯,૪૬,૧૦૦/- મળી કુલ રૂા.૯૮,૭૪,૮૦૦/- નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

તદ્ઉપરાંત ઉકત ગ્રાન્ટમાંથી પરમાણિયા તળાવનું અધુરું બ્યુટીફેશન તથા નવિન કામગીરીની અંદાજીત ખર્ચ ઉપરાંત બચત રહેતી ગ્રાન્ટની રકમમાંથી ધોબીકુંડ તળાવનું પણ બ્યુટીફીકેશન થઇ શકે તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ધોબીકુંડ તળાવનું બ્યુટીફીકેશન પણ સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત યુડીપી-૮૮ ની ગ્રાન્ટની બચત રકમમાંથી નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી બ્યુફીકેશન કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે તેની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઈ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩૯) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તાર અર્જુનશા દરગાહ પાસે, દેવકુવા તીનબત્તી તથા નારાયણકુંડ પાસે મીની હાઇરાઇઝ ઇલેકટ્રીક એલ.ઇ.ડી. પોલ ઊભા કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૩ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન. એમ. પઠાણ, શ્રી અબરારબેગ. ડી. મિરઝા તથા શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તાર અર્જુનશાહ દરગાહ પાસે, દેવકુવા તીનબત્તી તથા નારાયણકુંડ પાસે મીની હાઇરાઇઝ ઇલેકટ્રીક એલ.ઇ.ડી. પોલ ઊભા કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં અર્જુનશાહ બાબાની દરગાહ ઐતિહાસિક ધાર્મિક સ્થળ આવેલ છે. તથા સ્વામિનારાયણ મંદિર સામે નગરપાલિકા દ્વારા નારાયણ કુંડ બનાવવામાં આવેલ છે. તેમજ શહેરમાં દેવકુવા તીનબત્તી ચોક આવેલ છે. આ વિસ્તારોનો વિકાસ થવો જરૂરી અને યોગ્ય છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ અર્જુનશાહ બાબાની દરગાહ પાસે -૦૨, દેવકુવા તીનબત્તી ચોકમાં -૦૧ તથા નારાયણ કુંડ પાસે -૦૨ એલ.ઈ.ડી.નાં નવિન પોલ ટાવર નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી ઊભા કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે તૈયાર થઇ આવેલ રૂા.૩,૭૧,૩૦૦/- નાં અંદાજીત ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે તેની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઈ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૪૦) :** પેટલાદ નગરપાલિકા હદ બહાર અને પેટલાદનાં રેવન્યુ સર્વે નંબરોમાં વસવાટ કરતાં ઇસમોને પીવાનાં પાણીની સુવિધા મળી રહે તે માટે પાણી કનેકશન આપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૪ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નયનાબેન. આર. પટેલ, શ્રીમતિ હેતલબેન. એ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ બહાર અને પેટલાદનાં રેવન્યુ સર્વે નંબરોમાં વસવાટ કરતાં ઇસમોને પીવાનાં પાણીની સુવિધા મળી રહે તે માટે પાણી કનેકશન આપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદનાં વિવિધ રેવન્યુ સર્વે નંબરોમાં પેટલાદ નગરપાલિકા દ્વારા પીવાનાં પાણીની સુવિધા મળી રહે તે માટે કનેકશન મેળવવા જુદી જુદી અરજીઓ આવેલ છે. આ વિસ્તારો પેટલાદ નગરપાલિકા હદ બહાર પરંતુ પેટલાદનાં વધારાના વિસ્તારનાં રેવન્યુ સર્વે નંબરો આવેલ છે. જેથી તેવા વિસ્તારોની આકારણી થયેલ ન હોવાથી સીધે સીધું પાણીનું કનેકશન આપી શકાતું નથી. પાણી એ જીવન જરૂરિયાત માટે આવશ્યક છે. તેથી પીવાનાં પાણીનાં કનેકશન આપવા યોગ્ય જણાય છે. તેથી કામ સાથે સામેલ જુદા જુદા રેવન્યુ સર્વે નંબરોમાં માંગણીવાળી જગ્યામાં પીવાનાં પાણીનાં કનેકશન જરૂરી કરાર અને શરતોને આધિન તથા અગાઉ સામાન્ય સભામાં થયેલ ઠરાવ મુજબનાં પાણીનાં દર બમણા વસુલ લઇ પાણી કનેકશન આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે જે તે અરજદારે અથવા સોસાયટીનાં રહીશોએ માંગણીવાળી જગ્યાએથી નગરપાલિકાની હયાત પીવાનાં પાણીની પાઇપ લાઇન સુધી પોતાનાં સ્વખર્ચે પાઇપ લાઇન નાંખવાની શરતે પીવાનાં પાણીનાં કનેકશન આપવા ઠરાવવામાં આવે છે.આ અંગે તેની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધ:-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

## સામાન્ય સભાનાં ઠરાવની નકલ

**કામ નં. (૪૧) :** પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી આગામી નાણાંકીય વર્ષ સને ૨૦૨૦-૨૧ નું તૈયાર થઇ આવેલ અંદાજપત્ર (બજેટ) વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૫ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ,શ્રીમતિ હેતલબેન. એ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં આગામી હિસાબી નાણાંકીય વર્ષ સને ૨૦૨૦-૨૧ માટે અંદાજીત આવક તથા અંદાજીત ખર્ચનાં આંકડા દર્શાવતું તૈયાર થઇ આવેલ અંદાજપત્ર (બજેટ) વંચાણમાં લીધું. જેની વિગતો નીચે મુજબ છે.

સને ૨૦૧૯-૨૦ નું સુધારેલ અંદાજપત્ર

| | | | |
|---|---|---|---|
| ઉઘડતી સિલક | : | રૂા. | ૬,૩૪,૮૮,૨૦૧=૬૫. |
| આવક | : | રૂા. | ૨૩,૩૩,૪૨,૮૮૬=૮૪. |
| કુલ | : | રૂા. | ૨૯,૬૮,૩૧,૦૮૮=૪૯. |
| ખર્ચ | : | રૂા. | ૨૨,૬૫,૫૫,૯૪૪=૦૦. |
| બંધ સિલક | : | રૂા. | ૭,૦૨,૭૫,૧૪૪=૪૯. |

સને ૨૦૨૦-૨૧ નું અસલ અંદાજપત્ર

| | | | |
|---|---|---|---|
| ઉઘડતી સિલક | : | રૂા. | ૭,૦૨,૭૫,૧૪૪=૪૯. |
| આવક | : | રૂા. | ૨૩,૬૮,૮૩,૯૧૭=૦૦. |
| કુલ | : | રૂા. | ૩૦,૭૧,૫૯,૦૬૧=૪૯. |
| ખર્ચ | : | રૂા. | ૨૯,૯૧,૩૭,૫૦૦=૦૦. |
| બંધ સિલક | : | રૂા. | ૮૦,૨૧,૫૬૧=૪૯. |

આમ, ઉપરની વિગતો ધરાવતાં અંદાજપત્રમાં જણાવેલ આવક તથા ખર્ચનાં આંકડાઓ યથાવત સ્વરૂપે રાખી તેમાં ફેરફાર કે સુધારા વિના તેમજ મુસદ્દાની તમામ વિગતો મંજુર કરવા ઠરાવવામાં આવે છે. તથા તે અંગે આગળની આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી કરવા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

ઉપરોકત દરખાસ્ત પરત્વે મતદાન લેતાં દરખાસ્તની તરફેણમાં ૨૨(બાવીસ) મત અને દરખાસ્તની વિરુધ્ધમાં ૧૦(દસ) મત પડેલ છે.

આથી આવેલ દરખાસ્ત વધુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

* **<u>જરૂરી વિષય તરીકેનાં કામ</u> :-**

**જ.વિ.કામ નં. (૧)** : પેટલાદ નગરપાલિકામાં રોજમદારની અને હાલમાં ફીકસ પગારની ફરજ બજાવતાં કર્મચારી શ્રી પરેશભાઇ કાંતિભાઇ પટેલ એ નામદાર હાઇકોર્ટમાં દાખલ કરેલ સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન પરત્વે આવેલ હુકમ અને મે.કમિશ્નરશ્રી, ગાંધીનગર કચેરીનાં આવેલ ઇ-મેલ પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૬ / તા.૧૦/૨/૨૦૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી વિજયભાઇ. સી. તળપદા, શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં રોજમદાર કર્મચારી શ્રી પરેશભાઇ કાંતિભાઇ પટેલ એ નામદાર હાઇકોર્ટમાં દાખલ કરેલ સ્પે.સી.એ. નં.૧૦૮૫૫/૨૦૧૮ ના કામે તા.૧૭/૦૧/૨૦૨૦ નાં રોજથી આવેલ જજમેન્ટ બાબતે મે.નિયામકશ્રીની સૂચના મુજબની કાર્યવાહી હાથ ધરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં રોજમદારની અને હાલમાં ફીકસ પગારની ફરજ બજાવતાં કર્મચારીશ્રી પરેશભાઇ કાંતિભાઇ પટેલ એ નામદાર હાઇકોર્ટમાં સ્પે.સી.એ. નં.૧૦૮૫૫/૨૦૧૮ થી એપ્લીકેશન દાખલ કરવામાં આવેલ હતી. જે પરત્વે તા.૧૭/૦૧/૨૦૨૦ થી હુકમ થયેલ છે. પરંતુ મે. કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલિટી એડમિનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગર કચેરીનાં ઇ-મેલ પત્ર ક્રમાંકઃ કમિ. મ્યુ. / લીગલ / વશી-૧૨૦ / ૨૦૨૦ તા.૦૧/૦૨/૨૦૨૦ થી પાઠવેલ પત્રમાં જણાવેલ માર્ગદર્શક સુચના મુજબની કાર્યવાહી કરવી જરૂરી છે. આથી સદર બાબતે અપીલ કરવા અને નામદાર હાઇકોર્ટનાં આવેલ ચુકાદા અન્વયે મે. કમિશ્નરશ્રીની કચેરીમાં મંજુરીની દરખાસ્ત કરવાની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**જ.વિ.કામ નં. (૨)** : મ્યુનિ. સભ્ય શ્રીમતિ રીટાબેન યુ. શાહ, શ્રી અસ્લમબેગ એ. મિરઝા, તથા શ્રી આરીફખાન જે. સૈયદ(પઠાણ) નાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬૭ / તા.૧૦/૨/૨૦૨૦**

સર્વાનુમતે ઠરાવ કર્યો કે, મ્યુનિ. સભ્ય શ્રીમતિ રીટાબેન યુ. શાહ, શ્રી અસ્લમબેગ એ. મિરઝા, તથા શ્રી આરીફખાન જે. સૈયદ(પઠાણ)નાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લેતાં તેને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

ઉપર જણાવ્યા મુજબનાં કામો પૂર્ણ કરી તે સિવાય અન્ય કોઇ કામ ન હોવાથી રા.અધ્યક્ષશ્રીએ આજની સામાન્ય સભામાં ઉપસ્થિત સર્વે સભ્યશ્રીઓનો આભાર માની આજની બેઠકની કાર્યવાહી પૂર્ણ થયા અંગેની જાહેરાત કરી.

સહી/-
(શ્રી વિઠ્ઠલભભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા)વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.